**ફોજદારી ઈન્કવાયરી નં. ૧૫૬/૨૦૨૬**

**આંક–૧ નીચે હુકમ**

**૧.** હાલની ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પોતે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨(૨૮) અંતર્ગત ''સરકારી નોકર'' તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરીયાદ/ઈન્કવાયરી સબબ આરોપીઓને નોટીસ કરતા ધારા ધોરણસરની બજવણી તેઓને થયેલ છે.પોષ્ટખાતાની સાઈટ પરથી કાઢેલ ઓનલાઈન ટ્રેક રીર્પોટની નકલ આંક – ૬ થી રેકર્ડમાં સામેલ છે.આરોપીઓને નોટીસની બજવણી થયેલ હોવા છતા આરોપીઓ જાતે કે તેમના વિ.શ્રી. મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી.

**૨.** આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૩ મુજબની નોટીસ બજેલ છે. આરોપી જાતે કે વકીલ મારફતે હાજર રહેલ નથી. તેઓએ હાલની ફરીયાદ સંબંધે કોઈ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તે સંજોગોમાં આ કામે રજુ ફરીયાદીની ફરીયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતાં આરોપી આરોપીઓ સામે ગુના સબબ પ્રથમ દર્શનીય ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. હાલની ફરીયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપીઓ સામે બી.એન.એસ.એસ.એકટની કલમ – ૨૨૭ અન્વયે ફરીયાદ સબબના ગુના અંગેનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કેસની હવે પછીની મુદત તારીખ ૦૯/૦૭/૨૦૨૬ ના રોજની રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| તા. ૦૨/૦૭/૨૦૨૬<br>સુરત . | (એચ. કે. મેરીયા)<br>એડી. ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ,<br>અને ન્યાયાધીશ (સી.ડી)<br>મજુર અદાલત નંબર – ૩,સુરત. |